# પોલીસને સ્માર્ટ મોબાઈલથી ૬૮ લાખ ગુનાહિતોનો ડેટા મળશે

## રાજ્યના દરેક પોલીસમથકના અધિકારીઓને ૪૯૦૦ સ્માર્ટ મોબાઈલ ફોન ડેટા કનેક્ટીવીટી સાથે અપાયા

ગાંધીનગર, તા. ૧૬

પોલીસદળને સ્માર્ટ યુગ પ્રત્યે અભિપ્રેત કરવાના નવતર અભિગમના ભાગરૂપે ગાંધીનગરમાં પોકેટ કોપ પ્રોજેક્ટનું રાજ્યવ્યાપી લોંચીંગ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યુ હતુ. જેમાં દરેક પોલીસમથક ઈન્ચાર્જ તપાસ અધિકારી તથા પીસીઆરવેન તેમજ પાસપોર્ટ વેરિફીકેશનના પોલીસ કર્મીઓને ૪૯૦૦ સ્માર્ટ મોબાઈલ ફોન ડેટા કનેક્ટીવીટી સાથે અર્પણ કરાયા હતા.

ગુજરાત પોલીસનું મોબાઈલ ગર્વનન્સ ક્ષેત્રે નવતર કદમ પોકેટ કોપ



પ્રોજેક્ટ લોન્ચ કરતા મુખ્યમંત્રીએ આ સ્માર્ટફોનમાં ૬૮ લાખથી વધુ ગુન્હાહિત રેકડ ધરાવતી વ્યક્તિઓ ગુન્હેગારોની માહિતી સહિતનો ડેટા બેઈઝ આંગળીના ટેરવે ઉપલબ્ધ પોલીસને થશે અને ગુન્હેગારોનો રેકર્ડ હાથવગો રહેતા ગુનાખોરી પર નિયંત્રણ આવશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ પ્રતિક રૂપે રાજ્યના વિવિધ જિલ્લાના પોલીસ અધિકારી-કર્મીઓને આ સ્માર્ટ ફોન અર્પણ પણ કર્યા હતા.

ગુજરાત પોલીસ સ્માર્ટ છે અને શાર્પ પણ છે. તેમના હાથમાં હવે



ગુનેગારોના ડેટા સાથેનો મોબાઈલ ફોન હશે એટલે ગણતરીની સેકન્ડોમાં ક્રાઈમ ડિટેક્શન કરી શકશે. ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ એમ કહીને ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત વિકાસના ફાસ્ટ ટ્રેક પર છે. ૨૧મી સદીમાં ગુજરાત અને ગુજરાત પોલીસે ટેકનોલોજીના ઉપયોગથી અલગ ઓળખ ઉભી કરી છે. ક્રાઈમ રેટ પર પણ કંટ્રોલ આવ્યો છે. સ્માર્ટ સિટી અંતર્ગત રૂ. ૩૦૦ કરોડથી વધુના ખર્ચે રાજ્યના શહેરી વિસ્તારોમાં સીસીટીવી નેટવર્ક ઉભુ કરીને ગુનાઈત પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવામાં આવ્યો છે.

આગામી દિવસોમાં ૬ પ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામો અને ૩૩ જિલ્લાઓમાં સીસીટીવી નેટવર્ક કાર્યરત કરાશે. જેનાથી ક્રાઈમ ડિટેક્શન અને પ્રિવેન્શનમાં નોંધપાત્ર સફળતા મળશે. તેમણે ઉમેર્યુ કે આ પોકેટ કોપથી આ વ્યવસ્થાથી ગુજરાતના નાગરિકોને પાસપોર્ટ વેરિફિકેશન જેવી ઉત્તમ સેવાઓ ઝડપથી મળશે.

પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસમાં ગત વર્ષે ૧૮,૦૦૦ જેટલી નિમણૂંકો કરાઈ છે. આ વર્ષે ૫,૫૦૦ નવી નિમણૂંકો કરાશે. નવી નિમણૂંક પામી રહેલા કર્મીઓ સારો અભ્યાસ અને સારી કૂનેહ ધરાવે છે, એટલું જ નહી ટેકનોસેવી છે. તેમણે એમ ઉમેર્યુ હતુ કે, પોકેટ એપ એ નવું હથિયાર છે જેના વડે ગુજરાત પોલીસ ઉચ્ચ પ્રકારનું કામ કરે એવી શુભેચ્છાઓ.

મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘે આ પ્રસંગે જણાવ્યુ હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વર્ષ ૨૦૧૩માં CCTNS અંતર્ગત e.Gujcop પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો હતો. આ CCTNS હેઠળના e.Gujcop પ્રોજેક્ટના અમલીકરણમાં ૯૫.૯૨ ટકા સાથે અપગ્રેડેશનમાં ગુજરાત નંબર વન રાજ્ય છે. જે આપણા માટે ગૌરવની વાત છે. CCTNS અંતર્ગત ગુનેગારોની તમામ માહિતી-ડેટા તમામ પોલીસ સ્ટેશનમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુરે ગૃહ વિભાગ માટે આજના દિવસને ખૂબ જ અગત્યનો છે તેમ કહી જણાવ્યું હતું કે, આ નવી પોકેટ કોપના અમલથી પ્રજાલક્ષી સેવાઓ ઘર બેઠા ઉપલબ્ધ કરાવવાનો આ પ્રથષ્ઠ કદમ છે. આ સાથે અન્ય સેવાઓ પણ જોડવામાં આવશે.

આ માટેનો સફળ પ્રયોગ સૌપ્રથમ ગાંધીનગરમાં કરવામાં આવ્યો હતો. જેમાં ૨૧૦૦ નાગરિકોના પાસપોર્ટનું સફળ વેરિફિકેશન ઘર બેઠા કરવામાં આવ્યું છે. આ લોન્ચિંગ પ્રસંગે મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના હસ્તે



પોલીસ અધિકારીઓને સ્માર્ટ ફોન આપવામાં આવ્યા હતા.

રાજ્યના પોલીસ વડા શિવાનંદ જ્હાએ આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, આ પોકેટ કોપના માધ્યમથી નાગરિકોને પાસપોર્ટ વેરિફિકેશન જેવી સુવિધાઓ ઘરબેઠા ઉપલબ્ધ કરાવાશે તેમજ ગુન્હેગારોની ઓળખ અને ગુન્હાઓ ઝડપી ઉકેલી શકાશે. ઉચ્ચ પોલીસ અધિકારી ડૉ. સમશેરસિંઘે પોકેટ કોપ પ્રોજેક્ટનું પ્રેઝેન્ટેશન રજૂ કરી તેની વિગતો આપી હતી. બાયસેગની મદદથી રાજ્યભરના ૧૧૦૦થી વધુ પોલીસ સ્ટેશનમાં ૧૮,૦૦૦થી વધુ પોલીસ કર્મીઓએ આ લોન્ચિંગ કાર્યક્રમ જીવંત નિહાળ્યો હતો. આ પ્રસંગે ગૃહવિભાગના અને પોલીસ દળના ઉચ્ચ અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરની સિવિલમાં આવતી સગર્ભા મહિલાઓમાં હિમોગ્લોબીનની ઉણપ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી સગર્ભા મહિલાઓમાં હિમોગ્લોબીનની ઉણપ વર્તાય છે.સિવિલમાં માર્ચ માસમાં ૧૪૪ ડીલીવરી થઈ હતી. ત્યારે તાજેતરમાં માર્ચ માસમાં ૭ ટકા હિમોગ્લોબીન હોય તેવી ૧૩ સગર્ભા મહિલા ડીલીવરી માટે એડમીટ થઈ હતી. જયારે ૮ કે ૯ ટકા હિમોગ્લોબીન હોય તેવી ૧૭ મહિલાઓ જોવા મળી હતી. જયારે આ તમામ મહિલાઓને લોહી ચઢાવવામાં આવ્યું હતું. મહિલાઓમાં હિમોગ્લોબીનની માત્રા પ્રમાણસર થયા બાદ ડીલીવરી કરાવવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ પાટનગર મેડીકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા પણ વિવિધ યોજના થકી દર્દીઓનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.ત્યારે બાળકો અને સગર્ભા મહિલાઓ માટે વિશેષ યોજનાઓ છે. તેમ છતા ગ્રામ્ય વિસ્તારની સગર્ભા મહિલાઓમાં હિમોગ્લોબીનની ઉણપ જોવા મળી રહી છે.સરકાર દ્વારા કુપોષણને લઈને હાલના સમયે અભિયાન ચલાવાઈ રહ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં માર્ચ માસમાં ૧૪૪ મહિલાઓની ડીલીવરી થઈ છે. જેમાંથી ૧૩ મહિલાઓનું હિમોગ્લોબીન માત્ર ૭ ટકા હતું.જયારે અન્ય ૧૭ મહિલાઓ પણ ૮ કે ૯ ટકા એચબી ધરાવતી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે સિવિલની લેબોરેટરીમાંથી સગર્ભા મહિલાઓને બ્લડ ચઢાવ્યા બાદ જોઈએ તેટલી માત્રામાં પ્રમાણસર હિમોગ્લોબીન થયા બાદ ડીલીવરી કરાવવામાં આવી હતી. ત્યારે હિમોગ્લોબીનની ઉણપ ધરાવતી મહિલાઓ મોટાભાગની ગ્રામ્ય વિસ્તારની હતી.

## સરઢવમાં મુખેશ્વર મહાદેવ જીર્ણોદ્ધાર અને પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ

સરઢવ ગામની મધ્યે મુખેશ્વર મહાદેવ જીર્ણોદ્ધાર તથા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ત્રિદિવસીય તા. ૨૧-૨૨-૨૩મી એપ્રિલના રોજ યોજાશે.

આ પ્રસંગે જગન્નાથ મંદિરના ૧૦૦૮ મહા મંડલેશ્વર દિલીપદાસજી મહારાજ શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવશે. શ્રી વિશ્વ જ્યોતિ વિશ્વંભરી માતાજી યોગેશ્વરી સ્વયં પૂર્ણેશ્વર આશ્રમ શાહપુર વાળાએ આશીર્વાદ પાઠવશે.

આ જિર્ણોદ્ધાર પ્રસંગે ચામુંડા, શ્રી ગણેશ, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી, શ્રી સરસ્વતી, શ્રી મહાકાલી, શ્રી ગુરૂદત્તાત્રેયજી, શ્રી બ્રહ્માજી, શ્રી બટુકભૈરવજી, શ્રી કાલભૈરવજી, શ્રી નાગદેવતાજી, શ્રી કુબેર ભંડારજી, શ્રી વરૂણદેવ, શ્રી ચંદ્રદેવ, શ્રી ગૌમુખ, વગેરેનુ સ્થાપના પણ થશે. સમગ્ર શિવાલય સી.સી. ટીવી કેમેરાથી સજ્જ કરાશે. ૧૨ દ્રાદસ જ્યોતિલિંગ પણ સ્થાપશે.

## કરાઈમાં ૩૯૬ નવનિયુક્ત પોલીસકર્મીઓનો દિક્ષાંત પરેડ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

કરાઈ પોલીસ અકાદમી ખાતે આજે તાલીમ પૂર્ણ કરનાર




નવ નિયુક્ત પોલીસકર્મી અધિકારીઓનો દિક્ષાંત પરેડ સમારોહ રાજ્યના મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં કુલ ૩૯૬ નવા પોલીસ કર્મીને શપથ લેવડાવવામાં આવ્યા હતા. હવે ૩૪ મહિલા કર્મીઓ સહિત જોમ-જુસ્સાથી તરવરતા અધિકારી લોકરક્ષક પોલીસ બેડામાં સામેલ થતા મહેકમમાં વધારો થશે. આ સમારોહમાં નવનિયુક્ત પોલીસ કર્મીઓને પ્રજાભિમુખ-સંવેદનશીલતાથી કર્તવ્યરત રહી પોલીસના નોબેલ પ્રોફેશનની ગરિમા ઉન્નત કરવા મુખ્યમંત્રીએ આહવાન કર્યુ હતુ.

આ સમારોહ પરેડમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પોલીસ દળમાં નવા જોડાઈ રહેલા ૩૯૬ પી.એસ.આઈ., ઈન્ટેલીજન્સ ઓફિસર અને લોકરક્ષક કર્મીઓને સંવેદનશીલતા અને પ્રજાભિમુખતાથી કર્તવ્યરત રહી પોલીસના નોબેલ પ્રોફેશનની ગરિમા વધુ ઊંચે લઈ જવા આહવાન કર્યુ છે. વધુમાં ગુજરાત પોલીસ સમગ્ર રાષ્ટ્રમાં વિશિષ્ટ પ્રતિભા ધરાવનારી અને સમાજમાં નિર્દોષને રંજાડનારા તત્વોને સજા, દોષિતોને દંડ કરી ફરજ પરસ્ત પોલીસની છબિ ધરાવે છે તે છબિ આ નવનિયુક્ત યુવા પોલીસ કર્મીઓ ઉજ્જવળ બનાવે તેમ જણાવ્યુ હતુ.

મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસ અકાદમી કરાઈમાં તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી પોલીસ દળણાં જોડાઈ રહેલા ૪૦ હથિયારી પીએસઆઈ, ૪૦ ઈન્ટેલીજન્સ ઓફિસર તથા આસીસ્ટન્ટ ઈન્ટેલીજન્સ ઓફિસર અને બિન હથિયારી લોકરક મળી ૩૯૬ તાલીમાર્થીઓની દિક્ષાંત પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝિલી હતી. અને ૩૪ મહિલા કર્મીઓ સહિતના આ જોમ જુસ્સાથી તરવરતા યુવા કર્મીઓ પૈકી શ્રેષ્ઠતા-દક્ષતા દર્શાવનારા કર્મીઓને મેડલ્સ-પુરસ્કારોથી નવાજ્યા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આજે જયારે ગુનાખોરીમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ગુનેગારો આચરી રહ્યા છે અને સાયબર ક્રાઈમ, ઈકોનોમીક ઓફેન્સીસ જેવા ગૂનાઓ બનવા માંડયા છે ત્યારે ટેકનોસેવી યુવા પોલીસ કર્મીઓ માટે નવા પડકાર-ચેલેન્જ ઊભા થયા છે તેને આ નવનિયુકત ટેકનીકલ સ્કીલ્ડ મેનપાવર ચોક્કસ પાર પાડશે જ.

મુખ્યમંત્રીએ શિક્ષક, ડૉકટર અને પોલીસના વ્યવસાયને નોબેલ પ્રોફેશન ગણાવતાં એમ પણ જણાવ્યું કે, બાળ માનસમાં પણ મોટા થઈ કારકીર્દી ઘડતર માટે આ ત્રણ જ ક્ષેત્રો વસેલાં હોય છે.

"આપણે પોલીસ વર્દીની કડકાઈ અને શિસ્તબધ્ધતાથી એવી ઈમેજ ઊભી કરીએ કે દોષિતને દંડ થાય અને ગૂનો આચરનાર વ્યકિતઓ થર થર કાંપે તેવી નિષ્ઠાથી પોલીસ દળમાં ફરજ બજાવજો'' એમ મુખ્યમંત્રીએ પ્રજાના જાન-માલના રક્ષણ-શાંતિ સલામતિ માટે સર્વસ્વ ખપાવી દેવાની પ્રેરણા નવનિયુકત પોલીસકર્મીઓને આપતા જણાવ્યું હતું.



પેથાપુર નગરપાલિકાની હદમાં થયેલા ગેરકાયદે દબાણો આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ૩૦ વર્ષથી વધુ સમયથી થયેલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન નગરપાલિકાના પ્રમુખ રણજીતસિંહ વાઘેલા, ચીફ ઓફિસર એચ.પી. વલેરા તેમજ પી.એસ.આઈ. વી.એસ. દેસાઈ ખડેપગે હાજર રહ્યા હતા. આ દબાણો રસ્તા પરના હોવાથી નગરમાં ટ્રાફિક સહિતના પ્રશ્નો ઉભા થયા હતા. આ મુદ્દે દબાણકારોને સ્વેચ્છાએ ખસી જવા માટે પણ તંત્રએ અપીલ કરી હતી તેને સારો પ્રતિસાદ મળ્યો હતો જેથી આજે દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન કોઈ જ કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થયા ન હતા.

## ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિક સંમેલન યોજાયું

### નૃત્ય સંગીની દ્વારા ડો. આંબેડકર પરની નૃત્ય નાટિકા રજૂ થઈ : બાંધકામ શ્રમિક મહિલાઓની ઉપસ્થિતિ : ૬,૪૬,૭૫૩ની રકમના યોજનાકીય ચેકોનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૬

દેશના પ્રથમ શ્રમમંત્રી ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૧૨૭મા જન્મદિવસને 'સામાજિક ન્યાય દિવસ' તરીકે મનાવવાના ભાગરૂપે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઉપક્રમે શ્રમભવન, અમદાવાદના પ્રાંગણમાં બાંધકામ શ્રમિકોને યોજનાકીય લાભોના ચેક વિતરણ કરવા અર્થેનું બાંધકામ શ્રમિક સંમેલન યોજાયું હતું. આ સંમેલનની સાથે નૃત્ય સંગીની અને તેના સૂત્રધાર જાણીતા નૃત્યાંગના ગુજરાત ગૌરવ પુરસ્કાર વિજેતા કુ. શીતલ મકવાણા અને ગ્રુપ દ્વારા ડૉ. બાબાસાહેબના જીવનને નૃત્ય શૈલીમાં રજૂ કરતી નૃત્યનાટિકા રજૂ કરવામાં આવી હતી. નૃત્યનાટિકામાં બાંધકામ બોર્ડની વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓના સાયુજ્ય સાથે એક નવતર પહેલ નૃત્ય સંગીની દ્વારા કરવામાં આવી તેને ભારે આવકાર મળ્યો હતો.

આ પ્રસંગે બોર્ડના સભ્ય સચિવ આર.કે. પરમારના હસ્તે લાભાર્થી બાંધકામ શ્રમિકોને વિવિધ યોજનાકીય સહાયના રૂ. ૬,૪૧,૭૫૩ના ચેક અર્પિત કરવામાં આવ્યા. આ સંમેલનમાં મોટી સંખ્યામાં બાંધકામ શ્રમિક મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

આ સંમેલનમાં બાંધકામ બોર્ડના અધિકારીઓ સર્વ નટુભાઈ પરમાર, એસ.એમ. સોલંકી, આઈ.જી. સોની, ડૉ. હર્ષદભાઈ સોલંકી, સુરજ સુમરા, માનસી પટેલ, વૈશાલી મકવાણા, કેતુલ ચૌહાણ સહીત બાંધકામ બોર્ડના સૌ અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન સામાજિક કાર્યકર જયાબેન વાઘેલા અને સ્ટેટ પ્રોજેક્ટ મેનેજર મીનાજ સૈયદ દ્વારા કરવામાં આવેલ હતુ.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ગુજરાતમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે : જયંત ભટ્ટ

### ભ્રષ્ટાચાર વિરૂદ્ધ નવનિર્માણ જેવુ આંદોલન છેડવાની હાર્દિક, અલ્પેશ-જિજ્ઞેશની ત્રિપુટીને શહેરીજન સંસ્થાના પ્રમુખની હાકલ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે અને નાગરિકોની ભ્રષ્ટાચાર નાબુદ થવાની આશા દિવસે ને દિવસે વધુને વધુ ઠગારી નિવડતી જાય છે. ગામડાથી માંડીને શહેરોમાં કોઈપણ સરકારી કામ માટે લાંચ રૂશ્વત આપવી પડી રહી છે તેવી સ્થિતિ અંગે ગાંધીનગરની શહેરીજન સંસ્થાના પ્રમુખ જયંત જી. ભટ્ટ દ્વારા બળાપો વ્યક્ત કરવામાં આવ્યો છે. આ સાથે તેમણે ગુજરાતની યુવા આંદોલનકારી ત્રિપુટીને પણ પોતાના 'વર્તુળ' તથા પક્ષાપક્ષી છોડીને ભ્રષ્ટાચાર વિરૂદ્ધ જનઆંદોલન ચલાવવા હાકલ કરી છે.

શહેરીજન સંસ્થાના પ્રમુખ જે.જી. ભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સમગ્ર ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં લાંચરૂશ્વતનું પ્રમાણ વધી જવા પામ્યું છે અને આ ભ્રષ્ટાચાર નાબુદ થવાની પ્રજાની આશા ઠગારી નીવડતી જાય છે. જમીન-વિકાસ નિગમના ભ્રષ્ટાચાર કૌભાંડને પગલે નાગરિકોમાં એવી છાપ ઉભી થવા પામી છે કે તળીયેથી લઈ ઉપર સુધી સમગ્ર સરકારીતંત્રમાં ભ્રષ્ટાચાર વ્યાપી જવા પામ્યો છે. તેમણે સામાન્ય જનતાનો અનુભવ વર્ણવતા તમામ વિભાગોમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનું અને લાંચરૂશ્વત વગર જનતા કાર્ય થતુ નહી હોવાનું જણાવ્યું છે. જો કે આ માટે તેમણે પ્રજાની આંખ આડા કાન કરવાની વૃત્તિને પણ જવાબદાર ઠેરવતા ગુજરાતની યુવા આંદોલનકારી ત્રિપુટી હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણીને પોતાના 'વર્તુળ'માંથી બહાર આવી પક્ષાપક્ષી છોડી ભ્રષ્ટાચાર વિરૂદ્ધ 'નવગુજરાત નિર્માણ' જેવું આંદોલન છેડવાની સલાહ આપી છે.

## મહેસુલ વિભાગ

ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- અરવલ્લી

ક્રમાંક : અમ-૨૦૧૮-૨૧૦-મ-જઅવ-૧૭૧૮-૫૪૯-ચ તા. ૬/૩/૨૦૧૮

આ સાથે અનુસુચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, લાંક મુખ્ય નહેર સાંકળ ૩૩૨૦ થી ૪૧૭૦ મી.ની વચ્ચેની પ્રોજેક્ટ માટે જરૂરી પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

તેથી (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનનો ઉપરોક્ત લાંક મુખ્ય નહેરની સાંકળ પ્રોજેકટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સૂચિત પ્રોજેક્ટ, લાંક મુખ્ય નહેર સાંકળ ૩૩૨૦ થી ૪૧૭૦ મી.ની વચ્ચેની પ્રોજેકટના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર ૦-૬૮-૪૩ હે.આરે.ચો.મી. તે અરવલ્લી જિલ્લાના હદમાં આવેલ છે.

હવે જ્યારે ઉક્ત માળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૦-૬૮-૪૩ હે.આરે.ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦ (એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-૧૨મો)ની કલમ-૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં લાંક મુખ્ય નહેર સા.૩૩૨૦ થી ૪૧૭૦ મી. માટે જમીન પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ ૦-૬૮-૪૩ હે.આરે.ચો.મી. જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસુચિ**

મોજે : બોરોલ, તા. બાયડ, જી. અરવલ્લી

| અ. નં | ગામનું નામ | સર્વે નંબર | સંબાદીત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | બોરોલ | ૩૧૫ | ૦-૪૩-૮૬ |
| ૨ | બોરોલ | ૩૧૬ | ૦-૦૨-૫૮ |
| ૩ | બોરોલ | ૩૧૪ | ૦-૧૯-૬૦ |
| ૪ | બોરોલ | ૩૩૦ | ૦-૦૨-૩૯ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
ઉપસચિવ
મહેસુલ વિભાગ
ગુજરાત સરકાર, ગાંધીનગર

માહિતી/હિંમત/૨૪-૧૮